સુરક્ષા સેતુ સોસાયટી
પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, સુરત ગ્રામ્ય, સુરત
અઠવાલાઈન્સ, પોલીસ હેડ ક્વાર્ટ્સની બાજુમાં,
પોલીસ ભવન, સુરત
ફોન નં- 0261-2651832/33 ફેક્સ-0261-2651834
Email Id: -sp-sur@gujarat.gov.in

## સુરક્ષા સેતુ સોસાયટી સુરત ગ્રામ્ય દ્રારા દ્વારા આયોજન.

# સફળતાઓ

મહિલાઓને બેચ પ્રમાણે સ્વરક્ષણની તાલીમ

સીનીયર સીટીઝનની નોંધણી

પોલીસમિત્રની નિમંણુક

મહિલાઓને સુરક્ષા માટે જુડો-કરાટેની તાલીમનુ આયોજન

બાળકોની જાગૃતિ માટે વ્યાખ્યાનનું આયોજન

વિદ્યાર્થીઓનું કાઉન્સેલીંગ

પોલીસ ભરતી અને અન્ય ભરતી માટે માર્ગદર્શન આપવા સેમીનારનું આયોજન

સાયબર ક્રાઈમ જાગૃતિ માટે પ્રોગ્રામનું આયોજન

દરિયાકાંઠાના માછીમારોને દરિયાઈ સુરક્ષા માટે જાગૃતિ

વ્યસન મુક્તિના કાર્યક્રમોનું આયોજન,

વિદ્યાર્થીઓને ટ્રાફીકના નિયમોની જાણકારી

સખીમંડળના સેમીનારનું આયોજન

ટ્રાફીકના નિયમોની ફિલ્મ બનાવી ગામે ગામ પ્રદર્શિત કરી

હોર્સ રાઈડીંગની તાલીમ,

મહિલાઓ માટે હેલ્પલાઈન નં.૧૦૯૧ શરૂ કરી

# કુટુંબ સહાયતા કેંદ્ર

કુટુંબના પ્રશ્નો અંગે લોકો પોલીસની મદદ માટે પોલીસ સ્ટેશન આવે ત્યારે મોટા ભાગે તેઓ કુટુંબના સભ્યો વિરુધ્ધ પોલીસ ફરીયાદ કરી કાયદેસરના પગલા લેવડાવવા ઇચ્છતા નથી. તેઓ એવુ ઇચ્છે છે કે પોલીસ મધ્યસ્થી કરી તેમના પ્રશ્નોઉકેલે તેમના ઘરમા શાંતિ થાય. કાયદાકિય રીતે જોઇએ તો પોલીસને કાયદાકિય પગલા એટલે કે ગુનો દાખલ કરી ધરપકડ કરી અથવા તો સીઆરપીસી હેઠળ અટકાયતી પગલા લેવા તે સિવાય કોઇ રસ્તો  નથી અને સમજાવટથી પ્રશ્ન ઉકેલવા માટેપોલીસને કોઇ તાલીમ પણ આપવામાં આવતી નથી.આમ છતા અત્યાર સુધી પોલીસને  પોતાને જે સમજ પડે તે મુજબ ધણા બધા કિસ્સામાં સમજાવટમાધ્યમથી પ્રશ્ન ઉકેલવાના પ્રયાસો કરે છે.

પોલીસને તે અંગેની કોઇ તાલીમ કે અભ્યાસ ન હોવાના કારણે જેને જે રીતે ફાવે તે રીતે મદદ કરવાના પ્રયાસ કરતી હોય છે.દા.ત. જો કોઇ પોલીસ અધિકારી એમ માનતા હોય કે કોઇપણ સંજોગોમાં પરિવાર તુટવો જોઇએ નહીં અને તે માટે સ્ત્રીને જ સહન કરવુ પડે તે સહન કરવાની તૈયારી રાખવી જોઇએ તો તેઓ સ્ત્રીને આ રીતે સમજ આપશે બીજા અધિકારી સ્ત્રી સ્વતંત્રતાના હિમાયતી હોય તો તેઓ ફરીયાદ દાખલ કરી પતિની ધરપકડની સલાહ આપશે

સમજાવટની કાયદેસરની વ્યવસ્થા ન હોવાના કારણે સમજાવટથી પ્રશ્ન  ઉકેલવાના પ્રયાસો કરે ત્યારે જો પ્રશ્ન ન ઉકેલે તો ભવિષ્યમાં પોલીસ અધિકારી વિરુધ્ધમાં કાયદેસરના પગલા ન લેવા બાબતે આક્ષેપો થઇ શકે.

ઉપરની  મર્યાદાને ધ્યાનમાં રાખીને કુટુંબના  પ્રશ્નને પરામર્શથી  ઉકેલવા માટેની વિધિસર ની વ્યવસ્થા ઉભી કરવી જરૂરી છે. જેથી જિલ્લાના મુખ્ય મથકે કુટુંબ સહાયતા કેન્દ્ર શરૂ કરી આ રીતની મદદ આપવાની વ્યવસ્થા શરૂ કરવામાં આ પ્રોજેક્ટ હેઠળ દરખાસ્ત છે જેની વિગતવારની કાર્ય પધ્ધતી આ સાથે સામેલ છે.

આ  વ્યવસ્થાનુ મહત્વનુ પાસુ એ છે જો ફરીયાદી ગુનો દાખલ કર્યા વિના સમજાવટથી પોતાના કુટુંબના  પ્રશ્નોને ઉકેલવા માંગતા હોય તેઓને માનસશાસ્ત્ર  ભણેલા અને વિધિસરના તાલીમ પામેલા કાઉન્સેલરો અને એમ.એસ.ડબલ્યુ  ભણેલા સામાજીક કાર્યકરો મદદ કરશે આખી કાર્યવાહીને આ નિયત કાર્યપધ્ધતિનુ પીઠબળ રહેશે.

બદલતા જતા સામાજીક ધોરણોની સાથે મા-બાપની સંતાનો દ્વારા ઊપેક્ષાના બનાવો  વધતા જાય છે અને સામાન્ય રીતે માતાપિતા અને વરિશિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ બાબતનો અધિનિયમ ૨૦૦૭ ના કાયદા અંગેની જાગૃતિ સમજમાં ન હોવાના કારણે સીનીયર સીટીજનને મદદ પુરી પાડશે.

બાળકો એક એવો વર્ગ છે કે જેઓ પોતાની તકલીફ માટે સામેથીપોલીસ સ્ટેશન સુધી પહોચતા નથી મથકે કુટુંબ સહાયતા કેન્દ્ર સામેથી પહેલ કરી જુવેનાઇલ જસ્ટીસ એકટ હેઠળ મદદ પુરી પાડવા પ્રયાસ કરશે.

ધરેલુ હિંસા કે ઊપેક્ષાનો ભોગ બનનાર મહિલા બાળક કેસીનીયર સીટીજનને પોતાના હકો વિશે જાગૃત કરવામાં આવે તો પોતાની સામાજીક સુરક્ષા સુનિશ્ચિત  કરવા માટે તે પોતે સક્ષમ બનશે અને તેને ધ્યાનમાં રાખી કુટુંબ સહાયતા કેન્દ્ર  લોક જાગૃતિનુ કામ મોટા પાયે કરશે.

કુટુંબ સહાયતા કેન્દ્રની કાર્યવાહીમાં સ્વૈછીક સંસ્થા તથા બીજી સરકારી સંસ્થાની મહત્વની રહેશે જેથી આ કેન્દ્ર તેમની સાથે સંકલનમાં રહી કામ કરશે અને તે યોગ્ય રીતે થાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી મહત્વની ભૂમિકા ભજવશે .ઉપરાંત મીડીયા દ્વારા વધુને વધુ લોકો સુધી પહોચવાનો પ્રયાસ કરવામાં આવશે.

**<u>કુટુંબ સહાયતા કેન્દ્ર, સુરત ગ્રામ્ય,સુરત</u>**

બાળકો મહિલાઓ તથા વડીલોની સમાજીક સુરક્ષાને લગતા પશ્નોમાં મદદ કરવા માટે એક કટુંબ સહાયતા કેન્દ્ર શરુ કરવામા આવશે જેમાં નીચે મુજબના હેતુ રહેશે.

**<u>હેતુઓઃ</u>**

- બાળકો મહિલાઓ તથા વડીલોની સમાજીક સુરક્ષાના પ્રશ્રો અંગે સેવાનું માળખુ ઉભુ કરવું.
- બાળકો, મહિલાઓ તથા વડિલોનું સામાજીક સુરક્ષા અંગેનું જનજાગૃતિ કેળવવી.
- બાળકો, મહિલાઓ તથા વડિલોનું સામાજીક સુરક્ષા અંગે સશક્તિકરણના પ્રયાસો કરવા.
- બાળકો, મહિલાઓ તથા વડિલોનું સામાજીક સુરક્ષા અંગે લોક ભાગીદારીથી પ્રયાસોતથા સ્વૈચ્છિક સંસ્થાઓને તેમા સામેલ કરવી.
- આ અભિયાનનું સાતત્ય જાળવવા માટે સરકારી સંસ્થા, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા અન્ય સ્ટેક હોલ્ડસ વચ્ચેનું સંકલન માળખું ઉભુ કરવું.
- આ ક્ષેત્રમા કામ કરનારા હાલના વિવિધ વિભાગ હેઠળના પાયાના કાર્યકરો/કર્મચારીઓ આ ક્ષેત્રમાં વધારે અસરકારક રીતે કામ કરી શકે તે માટે તેમની સહભાગિતા માટેની વ્યવસ્થા ઉભી કરવી.
- આ હેતું બરાબર આવે તે માટેનું માળખું તથા વ્યવસ્થા ઉભી કરવી. તે કાર્ય કરે તે માટેની કાર્યપધ્ધતિ નક્કિ કરી તેના અમલ માટે નિયમિત મોનિટરીંગ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.
- આ વ્યવસ્થા સતત સુધારી શકાય તે માટે તેનું દસ્તાવેજીકરણ કરવું અને તેના આધારે સતત સુધારો થતો જાય તે માટેની વ્યવસ્થા ગોઠવવી.

અપમૃત્યુ મૃત્યુ અંગે કાઉન્સેલીંગ કરી માર્ગદર્શન આપી તેઓને સમાજમાં પૂર્નવસન કરાવવાની વ્યવસ્થા ઊભી કરવી.

મહિલાઓને આપવામા આવતા શારીરિક તથા માનસિક ત્રાસ અંગે કાઉન્સેલીંગ કરી યોગ્ય તે કાયદાકીય માર્ગદર્શન આપી તેઓને સમાજમાં પુન: સ્થાપન કરવા માટેની વ્યવસ્થા ઊભી કરવી.

બાળમજૂરી અટકાયત અને બાળમજૂરનું કાઉન્સેલીંગ કરી માર્ગદર્શન આપી પુન: સ્થાપન અને શિક્ષણ અને પ્રાથમિક જરૂરિયાત સંતોષવા વ્યવસ્થાઊભી કરવી.

હ્યુમન ટ્રાફીકીંગ અટકાયત અને ભોગ બનનાર વ્યક્તિનું કાઉન્સેલીંગ કરી માર્ગદર્શન આપી સમાજમાં પુનર્વસન કરવું.

આત્મહત્યા/ગુમ થયેલ વ્યક્તિની ડીપ્રેશનમાં કાઉન્સેલીંગ કરી તેમનું સમાજીક અને કૌટુંબીક સ્વીકૃત્તિ મળે તે માટે વ્યવસ્થા ઊભી કરવી.

બળાત્કાર પીડીતાને કાઉન્સેલીંગ કરી માર્ગદર્શન આપી, તેમના પૂનર્વસન માટે યોગ્ય સહાય અંગે માહિતગાર કરવા.

ઘરેલું હિંસા અટકાવવી અને ભોગ બનનાર વ્યક્તીનું કાઉન્સેલીંગ કરી કુટુંબમાં સ્વીકૃતી માટે જોગવાઇ કરવી અને જરૂરી કાયદાકીય માર્ગદર્શન આપવું.

બાળકોને શારિરીક-માનસિક ત્રાસ અંગે કાઉન્સેલીંગ કરી, તેમની પ્રાથમીક જરૂરિયાત સંતોષવા વૈકલ્પીક વ્યવસ્થાઓથી માહિતગાર કરી તેમનું સાથે સંકલન કરવું.

વિદ્યાર્થીઓને પરીક્ષાનું ટેન્શન અંગે કાઉન્સેલીંગ કરી, તેમની પરીક્ષા સંદર્ભે યોગ્ય માર્ગદર્શન પૂરુ પાડવું.

સિનિયર સીટીઝન (વૃદ્ધ)નાં રક્ષણ અને સાર-સંભાળ અંગેનાં પ્રશ્નો કાઉન્સેલીંગ કરી યોગ્ય તે માર્ગદર્શન આપવું અને તેઓનું પૂનર્વસન અંગે જોગવાઇ અંગે માહિતગાર કરવા.

વિદ્યાર્થીઓને કારકીર્દી અને શૈક્ષણીક મૂંઝવણ અંગે જરૂરી માર્ગદર્શન આપવું.

દહેજની માંગણી કરવામાં આવતી હોય તો ભોગ બનનાર વ્યક્તિઓને કાયદાકીય માર્ગદર્શન અને કાઉન્સેલીંગકરી વૈકલ્પીક સહાયતાથી માહિતગાર કરવા.

શિક્ષણની જરૂરીયાતવાળા બાળકો સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકારી સહાયતા અંગેમાહિતગાર કરી તેમની સાથે સંકલન કરવું.


બાળક લગ્ન અટકાવવા સંદર્ભે કાઉન્સેલીંગ કરી, ભોગ બનનાર વ્યક્તિને કાયદાકીય માર્ગદર્શન આપવું અને સમાજ અને કુટુંબમાં સ્વીકૃતી માટે સહાયરૂપ બનવું.

**ટોલ ફ્રી હેલ્પ લાઇન નં. ૧૦૯૧ તથા મોબાઇલ નંબર- ૯૦૯૯૦૧૯૦૧ પર સંપર્ક કરવા વિનંતી**

ઉપર જણાવેલ કોઇ પણ સમસ્યાના નિષ્ણાંત, કાઉન્સેલરો, સામાજીક કાર્યકર, સ્વૈછિક સંસ્થાપ દ્વારા  તથા  અન્ય સરકારી સંસ્થાઓની મદદથી અમો  આપની સમસ્યાનાં યોગ્ય નિકાલ માટે કટીબધ્ધ છીએ.

# પોલીસ કુટુંબ સહાયતા કેંદ્ર
નવા  ગામ  પોલીસ ચોકી, કામરેજ ચાર રસ્તા, કામરેજ

ફોન  નં.-૦૨૬૧-૨૬૫૧૮૩૨/૩૩






માનનીય ગૃહ મંત્રીશ્રી દ્વારા મુલાકાત

ભોગ બનનારની સ્થળ મુલાકાત દ્વારા કાઉન્સેલિંગ





# પોલીસ કુટુંબ સહાયતા કેન્દ્ર

સુરત ગ્રામ્ય જીલ્લાની મહિલાઓ, સીનીયર સિટીઝન તથા બાળકોને મુંઝવતા પ્રશ્નોનો સુખદ અને કાયમી ધોરણે ઉકેલ લાવવા માટે સુરત ગ્રામ્ય જીલ્લા પોલીસ દ્વારા પોલીસ કુટુંબ સહાયતા કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે.

- અપમૃત્યુ/અકસ્માત મૃત્યુ અંગે
- શારીરિક તથા માનસીક ત્રાસ અંગે
- આત્મહત્યા/ગુમ થયેલ વ્યકિતની મદદ અંગે
- હ્યુમન ટ્રાફીકીંગ અંગે
- બળાત્કાર પીડીતાને મદદ કરવા અંગે
- ઘરેલું હિંસા અટકાવવા અંગે
- રોડ રોમીયો ત્રાસ અંગે
- વેશ્યાવૃતિની બાતમી આપવા અંગે
- દહેજની માંગણી કરવામાં આવતી હોય તે અંગે
- બાળમજુરી અંગે
- બાળકોને શારીરિક-માનસિક ત્રાસ અંગે
- શિક્ષણની જરૂરીયાતવાળા બાળકો અંગે
- વિદ્યાર્થીઓને પરિક્ષાનું ટેન્શન દૂર કરવા અંગે
- સીનીયર સીટીઝન (વૃધ્ધો) નાં પ્રશ્નો અંગે

## ટોલ ફ્રી હેલ્પ લાઈન નં. ૧૦૯૧ / ૦૨૬૨૧ ૨૫૩૬૬૨

## મો. ૯૦૯૯૯ ૦૧૯૦૧

ઉપર જણાવેલ કોઈપણ સમસ્યાના ઉકેલ માટે નિષ્ણાંત કાઉન્સેલરો, સામાજીક કાર્યકરો, સ્વૈચ્છીક સંસ્થાઓ તથા અન્ય સરકારી સંસ્થાઓની મદદથી અમો આપની સમસ્યાનાં યોગ્ય નિકાલ માટે કટીબધ્ધ છીએ.

## પોલીસ કુટુંબ સહાયતા કેન્દ્ર

વિભાગીય પોલીસ અધીક્ષકની કચેરી, ખોલવડ નહેર કોલોની બાજુમાં, તા. કામરેજ, જી. સુરત.

# કુટુંબ સહાયતા કેંદ્ર અને ઔધોગિક સુરક્ષા કેંદ્રનું લોકાર્પણ





**મહિલા તથા કુટુંબ સહાયતા કેંદ્ર તથા ઔધોગિક સુરક્ષા કેંદ્ર હેલ્પ લાઇન લોકાર્પણ**

# બાળકોનો શાળા પ્રવેશોત્સવ





ઐશ્વર્યા મીલ અને કુટુંબ સહાયતા કેંદ્રના ઉપક્રમે બાળકોને શાળા પ્રવેશોત્સવકરાવ્યો હતો.

# બાળ મજુરી  વિરોધી  કાર્યક્રમ




બાળ  મજુરી નાબુદી અભિયાનમાં  ઔધોગિક સુરક્ષા કેંદ્ર દ્વારા વિરોધી કાર્યક્રમ

# ઔધોગિક વસાહતો માં શાળા  અનિયમિત બાળકોની  સર્વે




ઔધોગિક સુરક્ષા કેંદ્ર દ્વારા બાળકોની બાળકોની અનિયમિતતા અગેનો સર્વે કરવામાં આવ્યો

# <u>જીવન આસ્થા હેલ્પ  લાઈન</u>

ગુજરાત  સરકારશ્રીના ગુહ વિભાગ હેઠળ સુરક્ષા સેતુ સોસાયટી ધ્વારા સુરત જિલ્લા ગ્રામ્ય પોલીસ અને વાંદ્દિવાલા ફાઉન્ડેશન, મુંબઇ ધ્વારા સતત  ૨૪ કલાક કાર્યરત માનસિક આરોગ્ય ટેલિફોનીક હેલ્પલાઇન '' જીવન આસ્થા'' શરૂ કરવામાં આવેલ છે. જે સમગ્ર ગુજરાત માટે કાર્યરત છે.

જેમાં માનસિક રોગો કૌટુંબીક સમસ્યા, લગ્ન વિષયક સમસ્યા, રિલેશનશિપ, શૈક્ષણિક તકલીફો, ઉદાનસીનતા, ડર શોષણની લાગણી, ઘરેલુ હિસા જેવી સમસ્યાઓ માટે વ્યકિત ટેલીફોનીક માર્ગદર્શન મેળવી શકે છે.

બાળકોને આનંદમય, પ્રેમાળ તથા હર્યુ ભર્યુ બાળપણ આપવુ જેથી ભવિષ્યમાં તેઓ શાંતિપુર્ણ સમાજના સ્તંભ નિર્માતા બને.

બાળઉછેરના શારીરીક માનસિક, ભાવનાત્મક, સામાજિક, આઘ્યાત્મિક પાસાઓને આવરી તેના વિકાસની સાચી રીતોને પ્રોત્સાહત કરવી અને તેમાં સહાયભુત થવુ;

**<u>સસ્થાના કાર્યોઃ-</u>**

પ્રેમ અને આનંદભર્યા બાળપણના મહત્વ અંગે સમાજમાં જાગૃતિ લાવવી.

વાલીઓ, શિક્ષકો અને બાળકોનું કાઉન્સેલીગ કરવું.


શાળાઓએ હેતુલક્ષી મદદ કરવી.

બાળકમાં રહેલી ક્ષમતાઓ બહાર આવે તેવું વાતાવરણ ઉભું કરવા પ્રયાસ કરવા.

આ ક્ષેત્રે કાર્ય કરતા લોકો, સંસ્થાઓને જોડવા, સન્માનિત કરવા,સહાયભુત થવું.

વિવિધ સ્તરે પ્રચાર- પસાર કરવો.

જીવના આસ્થા હેલ્પલાઇન ઉપર અત્યાર સુધી ૧૬૫૧ ફોન આવેલા છે. જેમાં આત્માહત્યા કરવા જઇ રહેલ લોકોના જીવ કાઉન્સેલીંગ ધ્વારા બચાવી લેવામાં આવેલ છે. ઉપરાંત માનસિક રોગો, કૌટુંબિક, લગ્ન વિષયક, આર્થિક, રિલેશનશીપ તથા શૈક્ષણીક સમસ્યાઓનું ટેલીફોનીક કાઉન્સેલીંગ કરી નિરાકરણ કરવામાં આવેલ છે











# <u>જીવન આસ્થા હેલ્પ લાઈનનું લોકાર્પણ</u>








# જીવન આસ્થા હેલ્પ લાઈન જન જાગૃતિ કાર્યક્રમ





સુરત ગ્રામ્ય પોલીસ તથા વાંદ્રેવાલા ફાઉન્ડેશન મુંબઇના સંયુકત ઉપક્રમે સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત સમાજમાં વકરી રહેલી માનસીક સમસ્યાના કારણે કથળતી જતી સામાજીક સુરક્ષાને પુન:સ્થાપિત કરવા " મેન્ટલ ડીસ્ટ્રેસ હેલ્પ લાઇન " જીવન આસ્થા" ના હેલ્પ લાઇન નંબરો (૧) ૧૮૬૦૨૬૬૨૩૪૫ (૨) ૦૨૬૧- ૬૫૫૪૦૫૦ ની બહોળી પ્રસિધ્ધી થાય અને આમ જનતાને આ નંબરો ની જાણ થાય તે માટે સુરત ગ્રામ્ય જીલ્લા પો.સ્ટે. વિસ્તારમાં સ્કુલના વિધાર્થીઓ તથા ગામના આગેવાનો અને લોકો તથા પોલીસ અને હોમગાર્ડ ની મદદથી રેલી યોજી જીવન આસ્થા હેલ્પ લાઇનની લોકોને સમજ કરવામાં આવેલ છે

# સ્ટુડન્ટ પોલીસ કેડેટ (SPC)



કોઇ પણ આદર્શ સમાજના પાયાના સ્તંભમાં શિક્ષણ અને સુરક્ષા મુખ્ય છે. શિક્ષણ થકી વ્યકિતગત વિકાસ અને સુરક્ષા થકી ભય મુકત સમાજનું નિર્માણ થાય છે. આ બન્ને વિભાગના સંકલન દ્વારા ગુજરાતમાં પ્રથમવાર SPC (Student police cadet) નામની સ્કીમનો નવતર પ્રયાસ સુરત રેંજ દ્વારા કરવામાં આવ્યો છે જેનો હેતુ વિદ્યાર્થીઓમાં નેતૃત્વ, આત્મવિશ્વાસ, આત્મીયતા, મૂળભૂત અધિકારો, ફરજો, અને ઉચ્ચ આદર્શ અને મુલ્યો જેવા ગુણોનો વિકાસ કરી વિદ્યાર્થીનો માત્ર એકાંગી નહિ પરંતુ સર્વાંગી વિકાસ કરવાનો છે. આ સ્કીમની સફળતા માટે વિદ્યાર્થીની ઇચ્છાશકિત ઉપરાંત વાલીનો સહકાર આવશ્યક છે. આ સ્કીમમાં જોડાનાર વિદ્યાર્થી પાસે અઠવાડીયામાં બે દિવસ ઇન્ડોર તથા આઉટડોરની પ્રવૃતિ કરવામાં આવશે. શાળાના સમયપત્રક અનુસાર તથા શનિવાર તથા રવિવારના દિવસમાં ત્રણ કલાકની તાલીમ આપવામાં આવશે. સ્કીમમાં જોડાનાર વિદ્યાર્થીને SPC દ્વારા ફ્રી યુનિફોર્મ આપવામાં આવશે વિદ્યાર્થીએ SPC ની તાલીમ ઉપરાંત વિવિધ કેમ્પ,પર્વતારોહણની તાલીમ,સુરક્ષા સંસ્થાની મુલાકાત,વિવિધ જેલની વિઝીટ અને પોલીસ અધિક્ષકની કચેરીની મુલાકાત કરાવવામાં આવશે. ઉપરાંત વિદ્યાર્થીઓને દીવાળી તથા ક્રીસમસના સમયે ત્રિદિવસીય તાલીમ (નોન રેસીડેન્સીયલ) તથા ઉનાળાના વેકેશનમાં સાત દિવસની તાલીમમાં જોડાવવાનું રહેશે. સ્કીમમાં જોડાનાર વિદ્યાર્થીની જીવન વિકાસ તાલીમ અંગેના સેમીનાર, વર્કશોપ,વ્યસન મુકિત કાર્યક્રમ વિગેરેમાં ભાગ લેવાનો રહેશે. ઉપરાંત ઓબઝર્વેશન હોમ તથા મીડિયા સેન્ટરની મુલાકાત કરાવવામાં આવશે. વિદ્યાર્થીના રાજય સ્તરના કેમ્પ માટે ગુજરાત પોલીસ અકાદમી (GPA) કરાઇ,ગાંધીનગર લઇ જવામાં આવશે. ઉપરાંત પર્યાવરણની જાગૃતિ,રોડ સુરક્ષા જાગૃતિ રેલી કાર્યક્રમમાં પણ ભાગ લેવાનો રહેશે.

ધોરણ-૮-૯ માં અભ્યાસ કરતા બાળકો જે શાળામાં અભ્યાસ કરે છે અને જયાં NCC (National cadet corps) ઉપલબ્ધ નથી. તેવી અંતરિયાળ શાળાના વિદ્યાર્થીઓને પણ NCC જેવી જ તાલીમ મળી રહે અને તેનાથી તે વંચિત રહી ન જાય તે આ સ્કીમનો ઉદ્દેશ છે. આ સ્કીમ થકી પ્રજા તથા પોલીસ વચ્ચે વિશ્વાસનો સેતુ બંધાશે. જે વાલીઓ પોતાના બાળકોને વુધ શિક્ષણ ફી લેતી શાળા કે જયાં NCC ની સુવિધા છે ત્યાં પ્રવેશ નથી અપાવી શકતા તેમને એક મજબુત વિકલ્પરૂપે અમારો આ પ્રયાસ ઉપયોગી નિવડશે. તમામ વાલીઓને નમ્ર વિનંતી છે કે આપના બાળકમાં રહેલી સુષુપ્ત શકિત બહાર લાવવાના આ અવસરનો લાભ લેશો. તેવી પોલીસ પરિવાર અભિલાષા રાખે છે. આ સ્કીમમાં જોડાયેલ વિદ્યાર્થીઓમાં ઉચ્ચ મૂલ્યો તથા સંસ્કારનું બીજારોપણ થશે જ તેવી માત્ર આશા જ નહિ વિશ્વાસ સહ ................

ગુજરાત રાજ્યમાં પંચવર્ષિય યોજના ૨૦૧૨-૧૭ અંતર્ગત કોમ્યુનીટી પોલીસીંગ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો. જેના સંદર્ભે ગૃહ વિભાગ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટીની રચના કરવામાં આવી. સુરક્ષા સેતુ હેઠળની વિવિધ પ્રર્વૃત્તિ માંની એક પ્રર્વૃત્તિ સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના છે. જેને પ્રાયોગિક ધોરણે પાયલોટ પ્રોજેક્ટ તરીકે સુરત રેન્જના જિલ્લાઓની પસંદગીની શાળાઓમાં અમલમાં મૂકવામાં આવી રહી છે.

**સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના શું છે?**

સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજનાએ સ્કુલ કક્ષાના કિશોર, કિશોરીઓના યુવાઓના વિકાસ માટેની નવતર પહેલ છે જેમાં માધ્યમિક કક્ષાનાં વિદ્યાર્થીઓમાં કાયદા પ્રત્યે આદર, શિસ્ત, આદર્શ નાગરીક ભાવના, સમાજનાં નબળા વર્ગો પ્રત્યે સહાનુભુતિ અને સામાજીક અનિષ્ટો સામે પ્રતિકાર કરવા જેવાં ગુણોનો વિકાસ કરી મજબુત લોકશાહી સમાજનાં ભવિષ્યના નેતાઓ પેદા કરવાનો છે. આ યોજના બાળકોમાં રહેલ જન્મજાત ગુણો તથા સામર્થ્યને શોધી તેનો વિકાસ કરવામાં મદદ કરશે. નકારાત્મક અભિગમો જેવા કે, સામાજીક સહિષ્ણુતા, છેડતી, અશોભનીય વર્તન અને હિંસાનો પ્રતિકાર કરવા સશકત બનાવશે. સાથે સાથે તેમને તેમનાં કુટુંબ સમાજ તથા પર્યાવરણ પ્રત્યેની જવાબદારીઓ અવગત કરાવી મજબુત બનાવવાનો છે. ગુજરાતના સુરત રેન્જનાં જિલ્લાનાં દરેક પોલિસ સ્ટેશન વિસ્તારમાં એક-એક શાળાની પસંદગી કરી આ યોજના ગૃહવિભાગ અને શિક્ષણવિભાગના સંયુકત ઉપક્રમે તેમજ માર્ગ અને પરિવહન વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, નશાબંધી અને આબકારી તેમજ માહિતી વિભાગ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ અને રમત ગમત વિભાગ, ઉર્જા વિભાગ તથા આપત્તિ વ્યવસ્થાપન વિભાગની મદદથી અમલમાં મુકવામા આવી રહી છે.

**SPC યોજનાની ખાસિયત**



આ યોજના રાજ્યનાં શૈક્ષણિક અને સુરક્ષા તંત્ર વચ્ચેનું એક સર્જનાત્મક જોડાણ સાબિત થશે. જે યુવાઓને કાયદા પ્રત્યે માન અને કાયદા પાલન સાથેનું જીવન જીવવા તૈયાર કરશે અને પ્રોત્સાહિત કરશે.

જે વહીવટી તંત્ર અને પોલીસનાં નેતાગીરીનાં ગુણોનો ઉપયોગ કરીને યુવા વિદ્યાર્થીઓનાં શારિરીક- માનસિક અને શૈક્ષણિક વિકાસમાં મદદરૂપ થશે.

શાળામાં સુરક્ષિત વાતાવરણનું નિર્માણ થાય છે અને શૈક્ષણિક સંસ્થાઓને સ્વેચ્છિક રીતે આત્મવિશ્વાસું યુવાધન સાથે સશક્ત બનાવશે.

પ્રજા અને ગણવેશધારી સત્તા વચ્ચે સારા આદાનપ્રદાનથી દેશનાં સુરક્ષિત અને સ્વસ્થ ભવિષ્યનું નિર્માણ કરવા માટે પ્રયાસ કરશે.

સુરક્ષિત સમાજનું નિર્માણ કરવાનાં કાર્યમાં માતા-પિતા અને સામાજિક નેતૃત્વ અને પોલીસ સાથે જોડાઇ કાર્ય કરવા માટે ઉત્સાહીત કરશે.







# વિધાર્થીની કારકિર્દી માર્ગદર્શન સેમીનાર





માલીબા કોલેજ ખાતે વિધાર્થીનીઓને સ્વ-રક્ષણ માટે શું કરવું-શું ન કરવું ? તે માટે પ્રશિક્ષણ અને તાલીમ આપવામાં આવી



નારી સશક્તિકરણ પખવાડિયા ઉજવણી અંતર્ગત મહિલા અસ્મિતા દિવસ નિમિત્તે પોલીસ લાઇનની મહિલાઓને દ્વારા  સાફ સફાઇ-સ્વછતા કાર્યક્રમ  યોજવામાં આવ્યો.

# પોલીસ લાઇનની  બહેનોને  આરોગ્ય તપાસણી   કાર્યક્રમ



નારી સશક્તિકરણ પખવાડિયા ઉજવણી અંતર્ગત મહિલા આરોગ્ય દિવસ નિમિત્તે પોલીસ લાઇનની મહિલાઓને આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજવામાં આવ્યો.

# મહિલા સ્વ-રક્ષણ તાલીમ





નારી સશક્તિકરણ પખવાડિયા ઉજવણી અંતર્ગત મહિલાઓને સ્વ-રક્ષણ તાલીમ આપવામાં આવી





નારી સશક્તિકરણ પખવાડિયા ઉજવણી અંતર્ગત સુરત ગ્રામ્ય પોલીસ અને શહેર દ્વારા  મહિલાઓની પરેડ યોજવામાં આવી હતી  આમાં મહિલા જી.આર.ડી  અને એસ.પી.સી. ની  મહિલાઓભગા લીધો હતો.

## ફિશરમેન અવેરનેશ  કાર્યક્રમ







સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત દરિયા કાંઠાના માછીમારો દરિયામાં ચાલતી ગેર-કાયદેસરની દેશ-વિરોધી આતંકવાદી પ્રવૃતિ વિશે માહિતી મેળવી જાગૃત બને. દેશની સુરક્ષામાં ભાગીદાર બને તે હેતુથી ફીશરમેન અવેર્નેશ પ્રોગ્રામનું આયોજન કરવમાં આવ્યુ હતુ. ફીશરમેન અવેરનેશ પ્રોગ્રામનું આયોજન કરવામાં અવ્યુ હતું તેમજ સદર પ્રોગ્રામમાં કોસ્ટલ ગાર્ડ રીસીટ એન્ડ પ્રોટેકશન ટેમનાં ગજેન્દ્રસિંહ પ્રધાન નાવીક, કસ્ટમ એન્ડ સેંટ્રલ એક્સાઇઝ ના ઇન્સપેકટરશ્રી એ.સે.ગામીતથા કે.પી. મકવાણા, પોલીસ ઇન્સપેકટરશ્રી સુરત રીજીયન આઇ.બી. (સી.આઇ.ડી.ક્રાઇમ) શ્રી જી.કે. ઇસરાની. પો.સ.ઇ. મરીન પો.સ્ટે. સુરત શહેર,  શ્રી એમ.એમ.વસાવા પો.ઇ.શ્રી ઓલપાડ પો.સ્ટે. સુરત ગ્રામ્ય વિગેરે વિભગનાઓ અધિકારીશ્રી તથા એસ.ઓ.જી.નીટીમ એત્મજ ઓલપાડ પો.સ્ટે.ના દરીયાકાંઠામાં આવેલ ગામોના સરપંચશ્રીઓ તથા ૪૫૦થી ૫૦૦ જેટલાં માછીમાર ભાઇઓ હાજર રહેલ છે. આ સેમીનારમાં પધારેલ જુદા-જુદા અધિકારીશ્રીઓએ માછીમરોને પોત-પોતાનાં ખાતાંને લગતી જરૂરી માહિતી જેવી કે દરિયો ખેડવા જાય ત્યારી આતંકવદી ગતિવિધિ સંદર્ભે દરિયાઇ સુરક્ષાના મામલે સુરક્ષા એજ ન્સીઓની આંખ સાગર ખેડુ ભાઇઓ કેવી રીતે બની શકે તે અંગે  જાણકારી આપવામાં આવેલ છે

## પોલીસ અધિકારીઓ  દ્વારા  શાળાની  મુલાકાત





## <u>હેલ્થ ચેક –અપ કેમ્પનું આયોજન</u>





## <u>સખી મંડળની બહેનો દ્વારા</u>
## મહિલા સશક્તિકરણ કાર્યક્રમ





## વીજળી બચાવો રેલી કાર્યક્રમ






## રમત-ગમત સ્પર્ધાનું આયોજન





## નેત્ર અને દંત નિદાન શિબિર





## ગરીબ બાળકોને પોલીસ લાઈનમાં





# અનાથ બાળકો સાથે દિવાળીની ઉજવણી





# સાવચેતીમાં  જ સુરક્ષા જન જાગૃતિ







આજ રોજ તા.૧૮/૧૦/૨૦૧૩ ના રોજ સુરક્ષા સેતુ અંતર્ગત મોર હાઇસ્કુલ,મોર માં શાળાના વિધાર્થીઓ તથા વિધાર્થીનીઓ, શાળાના આચાર્યશ્રી શાંતિલાલ એમ.આહિર, શાળાના શિક્ષકગણ તથા ઓલપાડ પો.સ્ટે.ના PI શ્રી એમ.એમ.વસાવા, ASI મનહરભાઇ મગનભાઇ, PC અશોકભાઇ ગણપતભાઇ તથા સુરક્ષા સેતુ સંગઠક શીતલબેન પટેલ દ્વારા શાળામાં “સાવચેતીમાં જ સુરક્ષા” અંગેની સીડી બતાવવાનો કાર્યક્રમ કરવામાં આવેલ છે.

# મહિલા સશક્તિકરણ જાગૃતિ કાર્યક્રમ









સુરક્ષા અને સાવચેતી અંગેની સી.આઈ.ડી.ક્રાઈમ ગુજરાત ગાંધીનગર દ્વારા તૈયાર કરેલ સી.ડી.બતાવી તથા વ્યસન મુક્તિ અંગે જન જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવેલ. જેમાં અમો તથા માંડવી પો.સ્ટે સ્ટાફ તથા સુરક્ષાસેતુ સંગઠક અને કુટંબ સહાયતા કેન્દ્ર ના સંગઠક દ્વારા ઉપરોક્ત કાર્યક્રમ રાખેલ જેમાં વ્યસન કરવાથી કેવા કેવા રોગો થાય અને સમાજને કેટલુ નુક્શાન થાય છે. અને મહિલાઓ સાથે થતા અત્યાચારો, શોષણ,લાલચો આપીને બ્લેક મેલીંગ કરવામાં આવે છે. જેથી મહિલાઓ, અને વિદ્યાર્થીનીઓએ સાવચેતી અને સુરક્ષા અંગેની તકેદારી કઈ રીતે રાખવી તે અંગેના મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી જરૂરી માહિતી પુરી પાડવામાં આવેલ તેમજ કોઈપણ પ્રકારની તકલીફ સમયે માંડવી પોલીસ સ્ટેશન તથા સુરક્ષા સમીતી ના સભ્યોના અને સુરક્ષાસેતુના ફોન નંબર અપવામાં આવેલ હતા .સદર કાર્યક્રમમાં જ્ઞાનદીપ હાઇસ્કુલનાં આચાર્યશ્રી ગીરીશભાઈ તથા સ્ટાફગણ તેમજ વિદ્યાર્થીનીઓ અને વિદ્યાર્થીઓ હાજર રહેલ. અને મહિલા સુરક્ષા અંગે જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટેના પ્રયત્નો આ કાર્યક્રમ દરમ્યાન કરવામાં આવેલ છે

## નવરાત્રી ઉજવણી કાર્યક્રમ






## કારકિર્દી માર્ગદર્શન સેમીનાર








## વ્યવસન મુક્તિ કાર્યક્રમ





## ૨૬મી  જાન્યુઆરીની ઉજવણી







# બળાત્કાર વિરોધી  બેટી બચાવો અભિયાન





# મહિલા હેલ્પ લાઇન ૧૦૯૧નું  લોકાર્પણ







મહિલા હેલ્પ લાઇન નું  ૧૦૯૧નું  લોકાપર્ણ કડોદરા પો.સ્ટે ખાતે ૧૪ જેટલી વાનો અલગ અલગ ૧૦ જેટલાં વિસ્તારોમાં સતત કાર્યરત રહે તે માટે પી.સી.આર વેન  નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું જેથી મહિલાઓને તાત્કાલિક મદદ  મળી  રહે.

# યાત્રી સહાયતા કેંદ્ર






## સુરક્ષા સેતુ સોસાયટી, સુરત ગ્રામ્ય, સુરત

**પરિસ્થિતિ મુજબ મહિલાઓએ સચેત રહેવા માટેનાં સુચનો**

૧ ચેઈન સ્નેચીંગ

સુમસામ રસ્તા પર પસાર થતાં, દેવ-દર્શન,શાકભાજી ,કરિયાણું ખરીદવા જતાં કે મોર્નિંગ વોક ઈવનિંગ વોક કરવા જતાં, બસ કે રીક્ષા, ટ્રેનમાં મુસાફરી કરતાં હોય ત્યારે સોનાનાં ઘરેણાંને કાઢીને પર્સમાં મુકી દો. બને તો તુરંત જ બુમરાણ મચાવો.

ચેઈન સ્નેચરનાં વાહનનાં નંબરને ધ્યાનથી યાદ રાખો.અને તુરંત જ પોલીસને જાણ કરો.

૨ મુસાફરી દરમ્યાન સાવચેતી

જોખમકારક વસ્તુઓ (દાગીના-રોકડા) વગેરે મુસાફરી દરમ્યાન સાથે રાખવાનું ટાળવું

મુસાફરી દરમ્યાન કોઇ મુસાફરસાથે ઠંડુ પાણી,પીણાં, ચા-કોફી કે નાસ્તાનો સ્વીકાર કરવો નહીં.

રીક્ષામાં મોડી રાત્રીનાં સમયે કે વહેલી સવારે મુસાફરી કરવાનું ટાળો અને અગત્યનાં કારણસર જવું પડે તો રીક્ષાનો નંબર નોંધી સગા –સંબંધીને જાણ કરો.

પોતાના વાહનમાં મુસાફરી કરતાં હોય ત્યારે વાહનમાં બેસી તુરંત જ દરવાજા લોક કરવાનું રાખો.

૩ બનાવટી પોલીસને ઓળખો

શંકા જણાય તો પોલીસને પણ તેમનું ઓળખપત્ર માંગો.

પોતાનો સામાન ચેક કરવા આપશો નહીં આવેલા પોલીસને પોલીસ સ્ટેશન પર લઇજવાનો આગ્રહ રાખો.

જે સ્થળે અટકાવ્યા હોય તે સ્થળની નજીકનાં જાહેર સ્થળ પર લોકોની હાજરીમાં જ તલાસી લેવાનો આગ્રહ રાખો.

તમને રોડ પર અટકાવી તલાસી લેવાનો કોઇ વ્યકિત આગ્રહ કરે તો પોલીસ કંટ્રોલ રૂમ નં-(૦૨૬૧)૨૬૫૧૮૩૨-૩૩ ઉપર જાણ કરો. અથવા ૧૦૦ નંબર ડાયલ કરો

૪. જાતીય સતામણી સામે સલામતીનાં સુચનો

અજાણી વ્યક્તિ સાથે બહાર જવાનું તથા બિન- જરૂરી મજાક-મસ્તી કરવાનું ટાળો,

કોઇ ફોન પર હેરાન-પરેશાન કરતું હોય તો નજીકનાં પોલીસ સ્ટેશનને જાણ કરો

આજુ-બાજુનાં વાતાવરણથી સચેત રહો.કોઇ  શંકાસ્પદ જણાય તો ચેતી રાખો.

તમારો કોઇ પીછો કરતું જણાય તો  તાત્કાલિક રસ્તો બદલો અને પરિવારજનોને જણાવો અથવા કોઇની મદદ માંગો

પોતાનાં કોન્ટેક નંબર અજાણી વ્યક્તિને આપવો નહીં

સંતાનો સાથે વધારે પડતી આત્મીયતા કેળવવાનો પ્રયાસ કરતાં વ્યક્તિની વિશ્વાસનીયતા ચકાસો.

૫  શાળા-કોલેજ જતી  બહેનો માટે સાવચેતી સુચનો

છોકરાઓને માયાજાળમાં ફસાવું નહીં

અજાણ્યાઓને  પોતાનાં  ઘરનું સરનામું કોન્ટેક નંબર  આપવો નહીં

કોઇને મોબાઇલમાં  પોતાનું  શુટીંગ  કરવા  દેવું  નહીં

કોઇ છોકરો તમારે છેડતી  કરવા શારિરીક બળ વાપરે તો  તુરંત જ  તેનો સામનો  કરી  જાહેરમાં તેને સબક  શિખવાડવો અને  બધી  બહેનપણીનેવાત જણાવવી.

છોકરાઓ સાથે એકાંતમાં સ્કુલ-કોલેજની લાયબ્રેરીમાં કે બગીચામાં બેસવું નહીં

તમારી અંગત માહિતી ફોતા,સમાજીક ફોટા સાઇટ્સ (ફેસબુક-વોટ્સઅપ) પર આપશો નહી,

૬  સ્વ-બચાવ માટેનાં પગલાં – નીચેનાં સાધનો સાથે રાખો

વ્હીસલ

પેપર સ્પ્રે

અણીદાર હથિયાર

ઈમરજન્સી નંબર

૭. હુમલા સમયે તાત્કાલિક લેવાનાં પગલાં

શરીરનાં સરળ અને કમજોર ભાગો ઉપર પ્રહાર કરો.

આંખ, નાક, ગરદન, કાન ઉપર વારંવાર ઝડપી પ્રહાર કરો

હંમેશા પુર્વ તૈયારી રાખો.

તમારી જાતને બચાવી શકનાર, રક્ષણ આપનાર "આપ અને માત્ર આપ જ છો" હાર માનશો નહીં

## <u>સાયબર ક્રાઈમ જાગૃતિ અભિયાન</u>

૧ સાયબર ક્રાઈમ એટલે શુ ?

સાયબર ક્રાઈમ એટલે ક્રિમીનલ એક્ટિવિટી કે જેમાં કોમ્પ્યુટર અને ઈન્ટરનેટનો ઉપયોગ કરવામાં આવ્યો હોય .

૨ સાયબર ક્રાઈમના પ્રકારો

કોઈપણ કોમ્પ્યુટર કે કોમ્પ્યુટર નેટવર્કમાં બિન અધિકૃત પ્રવેશ (Unauthorized access)

૩ ડિનાઈલ ઓફ સર્વિસ (D.O.S)

અટેકસર્વરને કેપેસિટી કરતા વધારે ટ્રાફિક જનરેટ કરીને સિસ્ટમ ક્રેશ કરે છે.

૪ સોફ્ટવેર પાઈરસી

ઈલિગલી ઓરિજનલ સોફ્ટવેર કોપી કરીને તેનુ ડિસ્ટ્રીબ્યુશન કરવુ

૫ **ક્રેડિટ કાર્ડ ફ્રોડ**

સ્કિમર જેવા સાધનો ઉપયોગકરીને ક્રેડિટ કાર્ડની ડિટેઈલ્સ ચોરીને ઈલિગલ અને અનઓથોરારાઈઝસ રેતે  ક્રેડિટ કાર્ડનો ઉપયોગ

૬ **ફિશીંગ**

યુઝર્સને છેતરીને તેમની પાસેથી સેન્સેટીવ ઈન્ફોર્મેશન યુઝરનેમ અને પાસવર્ડ મેળવાની પધ્ધતી

૭ **માલિસીયસ સોફ્ટવેર ડિસએમિનેશન**

કી-લોગર પાસવર્ડ બ્રોકર ટ્રોજન હોર્સીગ વગેરે જેવા ટ્રુલ્સ કે સોફ્ટવેરની મદદથી મહિતી ચોરવી

૮ **ઈ-મેઈલ સ્પુફિગં**

ફેક સોર્સમાંથી મોકલવામાં આવતા ઈ-મેઈલ્સ

૯ **સાયબર પોર્નોગ્રાફી**

પોર્નોગ્રાફી મટીરિયલ્સવાળી વેબસાઈટ- ડાઉનલોડ ટ્રાન્સમીટ કરવુ એ સાયબર ક્રાઈમ છે.

૧૦ **ફોર્જરી**

નકલી ચલણી નોટો દસ્તાવેજો નકલી માર્કશીટસ નકલી સર્ટિફીકિટસ વગેરે જનરેટ કરવા કોમ્પ્યુટર ઉપયોગ કરવો

૧૧ **કેટલીક ધ્યાનમાં રાખવા જેવી બાબતો**




એન્ટી વાયરસ સોફ્ટવેર ઈન્સ્ટોલ કરેલા રાખવા તથા તેની વાઈરસ સિગ્નેચર સમયાંનરે અપડેટ કરાવવી

બધાજ ઓનલાઈન એકાઉન્ટનો પાસવર્ડ એક  સરખો રાખવો નહી

પાસવર્ડ પોતાના મોબાઈલ નંબર/ બર્થડેટ/ કે નામ રાખવો નહી

કોઈપણ અનનોન સોર્સ પરથી આવેલ ઈ-મેઈલ ની લિન્ક પર ક્લિક કરવી નહિ

 કોઈપણ શંકા ઉપજાવનાર ઈ-મેઈલ કે સોશયલમિડીયા દ્વારા અફવા ફેલાવવામાં આવે તો તરત જ સાયબર  સેલ માં જાણ  કરવી

ફિશીગ થી બચવા  URL  નો અભ્યાસ કરવો

કોઈપણ અનટ્રસ્ટેડ વેબ સાઈટ પરથી સોફ્ટવેર સોન્ગસ કે અન્ય ફાઈલ્સ ડાઉનલોડન કરવી નહી તેમાં વાઈરસ કી-લોગર્સ હોઈ  શકે છે.સોશ્યલમિડીયા પર કોઈ અન્ય વ્યક્તિ ના  ફોટોસ પર વિચિત્ર કોમેન્ટ કરવી નહી કે શેર કરવા નહી

કોઈપણ બેંક ના નામે આવેલ ફોન પર પોતાની પર્સનલ ડિટેઈલ્સ જેવી કે નામ/સરનામુ/ઉમંર/ અને જન્મ તારીખ આપવી  નહી કોઈપણ જાતના ઓનલાઈન ટ્રાન્જેકશન કરવા માટે ઓપન વાઈફાઈ (WIFI) ઝોન ઉપયોગ કરવો નહિ.